પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ
વડોદરા શહેર, ૩૯૦૦૦૧,ટેલીફોન નં ૦૨૬૫- ૨૪૨૩૯૫૦,
કંટ્રોલ રૂમ ફેકસ નં-૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :જી/સીપી/વિ.શા./૧૦૦ મીટર/૬૧૧(૧૭)૨૦૨૫ તા : ૩૧ /૦૧/૨૦૨૫

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

રાજય ચુંટણી આયોગ દ્વારા તા.૨૧/૦૧/૨૦૨૫ની અખબારી યાદી ક્રમાંકઃ ચટણ/સ્થા.સ્વ /૧૩(૬)/૦૧૨૦૨૫/ક થી રાજયની જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૬ નગરપાલિકાઓ, ૩ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા બોટાદ અને વાંકાનેર નગરપાલિકાઓની મધ્યસ્થસત્ર ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રસંગોપાત ખાલી પડેલ મહાનગરપાલિકાઓની ૩ બેઠકો, નગરપાલિકાઓની ૨૧ બેઠકો, જિલ્લા પંચાયતોની ૯ બેઠકો તથા તાલુકા પંચાયતોની ૯૧ બેઠકોની પેટા ચૂંટણીઓ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે. તથા રાજય ચુંટણી આયોગના તા.૨૧/૦૧/૨૦૨૫ના પરિપત્ર ક્રમાંકઃ ઈએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક થી ચુંટણી જાહેર થયેલ વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર ધ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાણવણી અંગે સંબંધિતોએ રાજય ચુંટણી આયોગનાં આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સી.ઓ.સી.-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા.૧૭/૧૧/૨૦૨૧ મુજબ આદર્શ આચાર સંહિતાનો અમલ કરવાનો થાય છે.

સદરહું ચુંટણી કાર્યક્રમ મુજબ અત્રેના વડોદરા શહેર વિસ્તારમાં **તાલુકા પંચાયતની મતદાર મંડળનો ક્રમ/નામ ૧૩-કોયલી-૦૧ની પેટા ચૂંટણી, વડોદરા તાલુકા પંચાયતની મતદાર મંડળનો ક્રમ/નામ ૦૫-દશરથ-૦૧ની પેટા ચૂંટણી, વડોદરા તાલુકા પંચાયતની મતદાર મંડળનો ક્રમ/નામ ૧૫-નંદેસરીની પેટા ચૂંટણી** યોજાનાર છે અને તે મુજબ મતદાન તા.૧૬/૦૨/૨૦૨૫ (રવિવાર) (સવારના ૦૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી) ના રોજ રાખવામાં આવેલ છે તથા મતગણતરી તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ નિયત થયેલ છે.

મતદાન મથકે મતદારો શાંતિથી તેમના મત નોંધાવી શકે તે માટે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ કોઈપણ વ્યકિતએ નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, પોલીસ કમિશ્નરશ્રી, (આઇ(એસ.પી. વડોદરા શહેર **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩** હેઠળ મને મળેલ સત્તાની આથી ફરમાવું છું કે, ઉકત જાહેર કરવામાં આવેલ ચૂંટણી હેઠળના વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં, તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મથદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતને નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું,

1. મત માટે પ્રચાર કરવો.
2. મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા.
3. કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી.
4. અમુક ઉમેદવારને મત આપવા માટે કોઈ મતદારને સમજાવવા.

5. કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા.

6. ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટસ કે નિશાની પ્રદર્શિત કરવી.

7. સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશાવ્યવહારના સાધનો લઈ જવાની.

8. વાહનો સાથે આવવુ (પરંતુકઃ અપંગ/અશકત વ્યકિતઓને લાગુ પડશે નહી.)

9. મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણીપંચે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવો.

:: શિક્ષા::

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

::અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વડોદરા તાલુકા પંચાયતની બેઠક પુરતા વિસ્તારમાં આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૧૮/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

::-જાહેર વિજ્ઞપ્તિ-::

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :- ૩૧ /૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police
Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧ વડોદરા શહેર તમામ પો.સ્ટે .ઈન્ચાર્જશ્રીઓ) નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ

(૨ વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩ વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવાસારૂ

(૪ વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ .

નકલ રવાના -:

(૧ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર .

(૨ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩ રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪ રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા .

(૫ રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા .

(૬ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા .

(૮ પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા .

(૯ પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.વડોદરા .

(૧૦ જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા .

(૧૧ મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા) ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ (

(૧૨ મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા .

(૧૩ મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા .

(૧૪ સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા .

૨ -/સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.